# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. રાજ્યમાં 108 ઇમરજન્સી એમ્બુલન્સ સેવાએ અત્યાર સુધીમાં 15 લાખ 52 હજારથી વધુ લોકોના જીવ બચાવ્યા
2. સુરતમાં ટ્રેન ઉથલાવવાના ષડયંત્રની ઘટનામાં ફરિયાદી જ આરોપી નીકળ્યો હોવાનું પોલીસે જણાવ્યું
3. દાહોદમાં બનેલી ઘટના બાદ શિક્ષણ વિભાગ દ્વારા ગ્રામ્ય કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ સક્રિય કરાશે
4. ગૃહ વિભાગ હસ્તકની ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં વિવિધ નમૂનાઓનું પૃથ્થકરણ તેમજ તાલીમ માટેની ફીમાં વધારો કરાયો
5. આગામી સાત દિવસ રાજ્યભરમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## 108 EMERGENCY

રાજ્યમાં 108 ઇમરજન્સી એમ્બુલન્સ સેવાએ તેની સ્થાપનાથી આ ઑગસ્ટ મહિના સુધીમાં વિક્રમજનક એક કરોડ 66 લાખથી વધુ કૉલ મેળવીને આકસ્મિક સેવા પૂરી પાડી છે. અને 15 લાખ 52 હજારથી વધુ લોકોના જીવ બચાવ્યા છે. પ્રસુતિ સંબંધિત 55 લાખ 39 હજારથી વધુ અને માર્ગ અકસ્માતના 20 લાખ 32 હજારથી વધુ કિસ્સામાં 108 એ સફળતાપૂર્વક સેવાઓ આપી હોવાનું સત્તાવાર આંકડા પરથી જાણવા મળ્યું છે. 108 સેવાએ જેતે સ્થળ પર એમ્બુલન્સમાં અત્યાર સુધીમાં એક લાખ 49 હજારથી વધુ સફળ પ્રસુતિ પણ કરાવી છે. આ સેવા અંતર્ગત વર્ષ 2012થી કાર્યરત્ 414 જેટલી ખિલખિલાટ વાનનો 2 કરોડ 79 લાખથી વધુ નાગરિકે લાભ લીધો છે.

ઉપરાંત વર્ષ 2020માં 10 ગામદીઠ ફરતું પશું દવાખાનું અને વર્ષ 2023માં કેન્દ્ર સરકાર પુરસ્કૃત ફરતું પશુ દવાખાનાની કુલ 586 વાન સેવારત્ છે, જેમાં 70 લાખથી વધુ પશુની સારવાર પણ થઈ છે.

.................

## SURAT TRAIN TRAGEDY

સુરતમાં કિમ-કોસંબા રેલવે ટ્રેક પરથી ટ્રેન ઉથલાવવાના ષડયંત્રની ઘટનામાં રાષ્ટ્રીય તપાસ સંસ્થા – NIA અને આતંકવાદ વિરોધી ટુકડી - ATS

દ્વારા કરાયેલી તપાસમાં ફરિયાદી રેલવેકર્મી સુભાષ પોદ્દાર જ આરોપી નીકળ્યો છે.

આ અંગે ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે માહિતી આપતાં કહ્યું, કે રેલવે ટ્રેક પર પેડલૉક કાઢી ટ્રેનને ઉથલાવવાનો પ્રયાસ 2 દિવસ પહેલા થયો હતો.

શ્રી જોયસરે ઉમેર્યું કે, તપાસ દરમિયાન આરોપી રેલવેકર્મી સુભાષ પોદ્દારે સારી કામગીરી બતાવવા અને રેલવે તરફથી મળતાં વિશેષ પુરસ્કાર મેળવવા હેતુસર પોતે જ 71 પેડલૉક કાઢી નાખ્યા હોવાનો ખુલાસો થયો હતો. સુરત સ્થાનિક ગુના શાખા - LCB હાલમાં રેલવેકર્મીઓની પૂછપરછ કરી રહી છે. જોકે, ફરિયાદ નોંધાઈ ત્યારથી જ NIAને આરોપી ઉપર શંકા હતી અને આખરે તે જ આરોપી નીકળ્યો.

----------------------------------

## KUBER DINDOR ON DAHOD INCIDENT

દાહોદ જિલ્લામાં શાળાના આચાર્ય દ્વારા કરાયેલી વિદ્યાર્થીનીની હત્યા અંગે રાજ્યના શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે કહ્યું છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તેની તકેદારી રકાશે. આ ઘટના અંગે પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું કે આ માટે ગ્રામ્યકક્ષાએ SMC એટલે કે, શાળા વ્યવસ્થાપન સમિતિ પણ સક્રિય કરાશે. તેમજ આવા કેસ ફાસ્ટ્ર-ટ્રેક અદાલતમાં ચલાવવામાં આવશે. ઉપરાંત આવા શિક્ષકોને સજા કરાવવા માટેનો પ્રયાસ કરાશે.

(બાઈટ – ડૉ. કુબેર ડિંડોર, શિક્ષણ મંત્રી)

---------

## KUBER DINDOR TEACHERS VACANCIES

બાળકોની શિષ્યવૃત્તિ મેળવવા ફરજિયાત રાશન કાર્ડ જોડાણ કરવા અંગે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે કહ્યું, 'શિષ્યવૃતિની વ્યવસ્થામાં પારદર્શકતા લાવવા, રાશન કાર્ડ અને આધાર કાર્ડને જોડાણ માટે નિયમો બનાવ્યા છે. જે લાભાર્થી હકદાર છે તેમને જ શિષ્યવૃત્તિ મળે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમજ લાભાર્થીઓ ન હોય તેવા લોકોના ખાતાઓમાં પૈસા જમા થતા અટકાવવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉપરાંત શિક્ષણ વિભાગમાં ભરતી અંગે શ્રી ડિંડોરે કહ્યું, 'જ્ઞાનસહાયકની વ્યવસ્થા યથાવત્ જ રહેવાની છે. હાલમાં માગણીપત્રક પ્રમાણે ભરતી કરી રહ્યા છીએ.'

--------------------

## ANNAPURTI ANAJ ATM - BHAVNAGAR

ભાવનગરમાં રાજ્યનું પ્રથમ અન્નપૂર્તિ અનાજ એટીએમ સ્થાપિત કરવાં આવ્યું છે.

કેન્દ્રીય ગ્રાહક બાબતોના રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે જાહેર વિતરણ વ્યવસ્થાને અત્યાધુનિક બનાવવાની દિશામાં આ

મહત્વપૂર્ણ પગલું છે. હવે રેશનકાર્ડ દ્વારા એટીએમથી ઘઉં અને ચોખા ઉપાડી શકાશે.

(બાઇટ- નીમુબેન બાંભણિયા)

ઉલ્લેખનીય છે કે અન્નપૂર્તિ અનાજ એટીએમમાં  એક હજાર કિલો ઘઉં અને ચોખાનો જથ્થો રાખી શકાય છે, અને 40 થી 45 સેકન્ડમાં આ મશીન 25 કિલો અનાજનું વિતરણ કરી શકે છે. આ અત્યાધુનિક તકનીક અનાજના જથ્થાની અછત અને રાશનની દુકનોમાં થતી ગેરરીતિ જેવી સમસ્યા દૂર કરવામાં મદદરૂપ્ બનશે.

.................

## SWACCHTA HI SEVA - AKASHVANI

સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત આકાશવાણી અમદાવાદ દ્વારા અમદાવાદના ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.

તે અંતર્ગત આકાશવાણી અમદાવાદના અધિકારીઓ અને કર્મચારીઓએ ગુજરાત વિદ્યાપીઠમાં આવેલા આદિવાસી સંશોધન અને  તાલીમ કેન્દ્ર પરિસરમાં સફાઇ કરી સુકો કચરો એકઠો કર્યો હતો. આ અભિયાનમાં આકાશવાણી અમદાવાદના કાર્યાલય અધ્યક્ષ એન.એલ.ચૌહાણ, પ્રાદેશિક સમાચાર વિભાગના વડા ભરત દેવમણી, કાર્યક્રમ વિભાગના પ્રમુખ મૌલિન મુન્શી સહિત કાર્યાલયના આશરે ત્રીસ જેટલા કર્મચારી જોડાયા હતા.

----------------

# SWACCHTA HI SEVA - DISTRICT

રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

સ્વચ્છતા હી સેવા અભિયાનમાં અત્યાર સુધી અમદાવાદની 450 જેટલી શાળાઓના અંદાજિત એક લાખ 60 હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા છે, જેમાં મ્યુનિસિપલ સ્કુલ બોર્ડની શાળાઓમાં સ્વચ્છતા રેલી, ક્વીઝ, રંગોળી, ચિત્ર સ્પર્ધા, સ્લોગન-નિબંધ સ્પર્ધા, સહિતની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લાના ધોળકાના કૌકા અને બદરખા ગામે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહેસાણાના કડી તાલુકાના સુજાતપુરા અને રણચોદપુરા ગામ ખાતે જાહેર સ્થળો ઉપર ભીત ચિત્રો  અને સ્વચ્છતા શપથના સૂત્રો દોરવાની કામગીરી કરવામાં આવી.

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વજેલાવ ગ્રામ પંચાયત, દેવગઢ બારીઆ તાલુકાના રૂવાબારી ગ્રામ પંચાયત, સહિતના ગામોમાં સામુહિક સોકપીટ અને કમ્પોસ પીટનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતુ.

ભાવનગરના ઉમરાળા ગામે ભીંતચિત્રો દોરી જન જાગૃતિની પ્રવૃતિ હાથ ધરવામાં આવી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં સુરેન્દ્રનગર - દૂધરેજ - વઢવાણ સંયુક્ત નગરપાલિકા દ્વારા “વોલ પેઈન્ટીંગ“ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકા કચેરીની દિવાલો ઉપર “સ્વચ્છ ભારત” તેમજ સ્વચ્છતાને લગતા સંદેશાઓ આપતા ભીંતચિત્રો બનાવવામાં આવ્યા હતા.

મહિસાગર જિલ્લા ન્યાયાલય ખાતે સ્વચ્છતા અભિયાન રેલીને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રીમતી એમ એન ગડકરીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

છોટાઉદેપુર જિલ્લામાં આત્રોલી જૂથ ગ્રામ પંચાયતના ઘોઘાદેવ ગામ અને બોડેલી તાલુકાનાં અથવાલી ગામમાં સામુહિક સોકપીટનું લોકાર્પણ કરાયું હતું.

-----

# FSL NEW RATE

રાજ્યના ગૃહ વિભાગ હસ્તકની ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં વિવિધ નમૂનાઓનું પૃથ્થકરણ તેમજ તાલીમ માટેની ફીમાં વધારો કરાયો છે. હવે દર 2 વર્ષે નમૂનાઓના પૃથ્થકરણ અને તાલીમ માટેની ફીમાં 10 ટકાનો વધારો કરાયો છે. આ નવા દર પહેલી સપ્ટેમ્બર 2024થી અમલી થયા હોવાનું ગૃહ વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે.

આ પ્રયોગશાળામાં હવે ટોક્સિકૉલૉજી પરિક્ષણ માટે નમૂનાદીઠ 8 હજાર 51 રૂપિયા, નાગરિક પૂરવઠા સહિતના એટલે કે, ગૃહ વિભાગ હસ્તક સિવાયના તમામ સરકારી કે અર્ધસરકારી વિભાગો તરફથી આવતા નમૂનાઓની ચકાસણી બાબતે નમૂનાદીઠ ફીનો દર 8 હજાર 52 રૂપિયા રાખવામાં આવ્યો છે. જ્યારે નાર્કો એનાલિસિસ, બ્રેઈન ફિંગરપ્રિન્ટીંગના અગ્રિમતાના કેસની નમૂના દીઠ ફી એક લાખ 61 હજાર 51 રૂપિયા રહેશે. ઉપરાંત સરકાર પક્ષકાર ન હોય તેવી ખાનગી વ્યક્તિઓ કે આરોપીઓએ કેસની તપાસ માટે નમૂનાદીઠ 80 હજાર 525 રૂપિયા ચૂકવવા પડશે.

. . . . . . . . . . . . .

## Imd ahmedabad

હવામાન વિભાગે આગામી સાત દિવસ સમગ્ર રાજ્ય, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અશોકકુમાર દાસે જણાવ્યું કે, રાજ્યમાં સામાન્ય રીતે ચોમાસું 17 સપ્ટેમ્બર સુધી વિદાય લેવાનું હતું, પરંતુ હાલની આગાહીને જોતા હવે રાજ્યમાં પાંચ ઑક્ટોબર સુધી ચોમાસું રહે તેવી આગાહી છે.

(બાઈટ – ડો.અશોકકુમાર દાસ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)

સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધીમાં 16 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ સવા ચાર ઇંચ વરસાદ વલસાડના પારડી તાલુકામાં વરસ્યો હતો. જ્યારે પોણા 2 ઇંચ વરસાદ વાપી તાલુકામાં અને અન્ય તાલુકાઓમાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયાના અહેવાલ છે.

----------------------------------

## MODI 3.0- WOMEN LED DEVELOPMENT- 100 DAYS-1

મહિલા ઉદ્યોગસાહસિકોના સશક્તિકરણ માટે મુદ્રા લોન મર્યાદા 10 લાખથી વધારીને 20 લાખ રૂપિયા કરવામાં આવી છે.

મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર સરકારે 4.3 લાખ સ્વસહાય જૂથો માટે 2500 કરોડ રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ પણ બહાર પાડ્યું, જેનાથી 48 લાખ મહિલાઓને ફાયદો થયો. નારી શક્તિની ઉજવણી કરતા, 2.35 લાખ સ્વસહાય

જૂથોના 26 લાખ સભ્યોને ટેકો આપવા માટે પાંચ હજાર કરોડ રૂપિયાની બેંક લોન બહાર પાડવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે મોદી સરકાર તેના ત્રીજા કાર્યકાળના પહેલા 100 દિવસ દરમિયાન સરકારે મહિલા ખાસ કરીને ગ્રામીણ અને આર્થિક રીતે વંચિત મહિલાઓને સશક્તિકરણ કરવાના હેતુથી શ્રેણીબદ્ધ યોજનાઓ સાથે સરકારે મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસ માટે મજબૂત પાયો નાખ્યો છે.

દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ 90 લાખથી વધુ સ્વસહાય જૂથોમાં લગભગ 10 કરોડ મહિલાઓને એકત્ર કરવામાં આવી છે.

લગભગ 11 લાખ નવી લખપતિ દીદીઓએ પ્રધાનમંત્રી પાસેથી પ્રમાણપત્રો મેળવ્યા. આ વર્ષના બજેટમાં નારી શક્તિને લાભ આપતી યોજનાઓ માટે ત્રણ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

---------------------------------

## Patan Football Tournament

પાટણ ખાતે રાજ્ય કક્ષાની શાળાકીય ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરાયું છે. 17 વર્ષથી ઓછી વયજૂથના ભાઈઓની આ સ્પર્ધામાં રાજ્યભરની 42 ટીમે ભાગ લીધો છે.

પાટણ જિલ્લા રમતગમત સંકુલ અને કોલેજ કેમ્પસના મેદાનમાં આ ફૂટબોલ સ્પર્ધા ગઇકાલથી શરૂ થઈ છે જે 25 સપ્ટેમ્બર સુધી ચાલશે.

સ્પર્ધાને અંતે સારા ખેલાડીઓની પસંદગી કરી, રાજ્યકક્ષાની એક ટીમ જમ્મુ કાશ્મીર ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં ભાગ લેશે.

----------